# કૃષિ મહાવિદ્યાલય–વ–કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો કેમ્પસ દ્વારા "મેરી માટી મેરા દેશ" અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

**मेरी माटी मेरा देश**

**Meri Maati Mera Desh**

**माटी को नमन, वीरों का वदंन**

**Maati ko Naman, Veeron ka Vandan**

"આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણીના ભાગરૂપે તારીખ ૯મી ઓગસ્ટ થી ૩૦મી ઓગસ્ટ, ૨૦૨૩ સુધી મુખ્ય ૫ થીમ આધારીત "મેરી માટી મેરા દેશ" અભિયાનનું આયોજન સમગ્ર દેશમાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. જે અન્વયે કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો દ્વારા માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથિરીયા, ના માર્ગદર્શન હેઠળ તા. ૦૯ /૦૮ /૨૦૨૩ને બુધવારના રોજ સવારે ૦૯:૩૦ થી ૧૧:૦૦ કલાકે વસો ગામ ખાતે "મેરી માટી મેરા દેશ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ અને પંચપ્રાણ પ્રતિજ્ઞાનો કાર્યક્રમ યોજાયો. જેમાં વસો ગ્રામ પંચાયતના સાથ-સહકારથી દરબાર ગોપાલદાસ બાગમાં એન.એસ.એસ. સ્વયંસેવકો-વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને બાગની સાફ-સૂફી કરવામાં આવી હતી.

ત્યારબાદ આ કાર્યક્રમમાં હાજર રહેલ દરેક સ્વયંસેવકો-વિદ્યાર્થીઓએ, અધિકારીશ્રીઓએ અને લોક સહભાગીઓએ પંચપ્રણ પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતાની પુષ્ટિ કરતા, મુઠ્ઠીભર માટી લઈને સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ કોલેજના સહપ્રાધ્યાપક, ડૉ. કે. એમ. પટેલ દ્વારા પ્રસંગોચિત્ત ઉદ્દબોધન થકી રાષ્ટ્ર વિકાસ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ. આ કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનિક, વસોના વિદ્યાર્થીઓ, અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ તથા વસો ગામના ઇન્ચાર્જ સરપંચશ્રી અને ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન ડૉ. વી. પી. રામાણી, આચાર્ય અને યુનિટ વડા, કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસોના સીધા નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. એમ. એન. જેગોડા અને ડૉ. ભાસ્કર જેઠવા, પ્રોગ્રામ ઓફીસર (એન.એસ.એસ) દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ.

*************

# “મેરી માટી મેરા દેશ” કાર્યક્રમની ઝાંખી:




વૃક્ષારોપણ કાર્યક્રમ











પંચપ્રાણ પ્રતિજ્ઞા કાર્યક્રમ